જા. નં. 63 /EC/RO/GV/2025-26

# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## Executive Council (કાર્યવાહક સમિતિ) 2025-26

## તા. 11-12-2025 (ખાસ બેઠક)

આદરણીયશ્રી,

ગૂજરાત વિદ્યાપીઠની Executive Council (કાર્યવાહક સમિતિ)ની વર્ષ 2025-26ની ખાસ બેઠક તા.11-12-2025 ને ગુરુવારના રોજ સાંજે 06-00 વાગ્યે સમિતિકક્ષ, મુખ્ય કાર્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે આદરણીય કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને મળી હતી.. તેમાં નીચેના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા :

1. ડૉ. હર્ષદ એ. પટેલ : અધ્યક્ષશ્રી અને કુલપતિશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ
2. ડૉ. નીતિનભાઈ પેથાણી : કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત પ્રતિનિધિ (ઑનલાઈન)
3. શ્રી દિલીપભાઈ ઠાકર : સભ્ય અને ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ (ઑનલાઈન)
4. શ્રી વિશાલભાઈ ભાદાણી : સભ્ય અને ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ (ઑનલાઈન)
5. ડૉ. અજયભાઈ પરીખ : સભ્ય અને ડીનશ્રી, કમ્પ્યૂટર વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ
6. ડૉ. સંજયભાઈ મકવાણા : સભ્ય તથા ડીનશ્રી, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ
7. ડૉ. જગદીશચંદ્ર સાવલિયા: સભ્ય તથા પ્રાધ્યાપકશ્રી, શારીરિક શિક્ષણ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ (ઑનલાઈન)
8. ડૉ. જેનામાબીબી કાદરી : સભ્ય તથા સહ-પ્રાધ્યાપકશ્રી, ઇતિહાસ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ
9. ડૉ. હરિભાઈ પટેલ : સભ્ય તથા મદદનીશ પ્રાધ્યાપકશ્રી, શિક્ષણ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ
10. ડૉ. હિમાંશુભાઈ પટેલ : કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ

ડૉ. કનુભાઈ નાયક (સભ્ય અને ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ મંડળ) બેઠકમાં ઉપસ્થિત નહીં રહી શકે તેની ફોનથી જાણ કરી હતી. તેમની ગેરહાજર રહેવાની રજા મંજૂર કરવામાં આવી.

બેઠકમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

કાર્ય-1 : શ્રી નાઝિમાબાનુ અકબરભાઈ શેખ વિ. ગૂજરાત વિદ્યાપીઠ R/S.C.A No. 3489 of 2018, શ્રી રૂપાબેન મુકેશકુમાર ભાવસાર વિ. ગૂજરાત વિદ્યાપીઠ R/S.C.A No. 2580 of 2018 અને શ્રી કોકિલા રવિગીરી ગોસ્વામી વિ. ગૂજરાત વિદ્યાપીઠ R/S.C.A No. 2561 of 2018 બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટનાં તા.04/08/2025 ચૂકાદાઓ અને ગૂજરાત વિદ્યાપીઠનાં વકીલશ્રીનાં તા.03/12/2025નાં Email માં જણાવેલ બાબતો અંગે નિર્ણય અર્થે.

વિગત : શ્રી રૂપાબેન મુકેશકુમાર ભાવસાર અને શ્રી કોકિલા રવિગીરી ગોસ્વામીની પીટીશનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે "**Para: 6.** In view of the above, this Court is of the view that the impugned order dated 31.01.2018 cannot be sustained and therefore, the same deserves to be quashed and set aside. The writ petition stands allowed. Consequently, the Respondent is directed to reinstate the Petitioner with all consequential benefits as if the order dated 31.01.2018 had not been passed. The Respondent is directed to pass consequential order in accordance with law within a period of 1 month from the date of receipt of the order of this Court. Direct service is permitted." અને શ્રી નાઝિમાબાનુ અકબરભાઈ શેખની પીટીશનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે "**Para: 8**. In view of the above, this Court is of the view that the impugned order dated 31.01.2018 cannot be sustained and therefore, the same deserves to be quashed and set aside. The writ petition stands allowed. Consequently, the Respondent is directed to reinstate the Petitioner with all consequential benefits without Interest as if the order dated 31.01.2018 had not been passed. The Respondent is directed to pass consequential order in accordance with law within a period of 1 month from the date of receipt of the order of this Court. Direct Service is Permitted." ચૂકાદાઓ આપ્યા છે.

ઉપરોકત ચુકાદાઓ બાબતે ગૂજરાત વિદ્યાપીઠે CA No. 01 of 2025 અને LPA No.1231 of 2025 (રૂપાબેન ભાવસાર), CA No. 01 of 2025 અને LPA No.1232 of 2025 (નાઝિમાબાનું શેખ) અને CA No. 01 of 2025 અને LPA No.1233 of 2025 (કોકિલાબેન ગોસ્વામી) નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવી હતી. નામદાર ગુજરાત હાઈકોર્ટમાં શ્રી નાઝિમાબા અકબરભાઈ શેખે MCA No.2455 of 2025, શ્રી રૂપાબેન મુકેશકુમાર ભાવસારે MCA No.2680 of 2025 અને શ્રી કોકિલાબેન રવિગીરી ગોસ્વામીએ MCA No.2649 of 2025 થી For Contempt દાખલ કરી.

ગૂજરાત વિદ્યાપીઠની CA અને LPA સુનાવણી તા.02/12/2025નાં રોજ થઈ હતી. આ બાબતે ગૂજરાત વિદ્યાપીઠનાં વકીલશ્રીએ તા.03/12/2025નાં રોજ ઈમેઈલથી "It is required to be noted that submissions made by me on behalf of Gujarat Vidyapith that some observation may be made in the order about the grant in aid to be released by University Grants Commission (UGC) to Gujarat Vidyapith as the liability accrued upon the institution could not be met with from its own funds in the absence of grants in aid from UGC. However, the Hon'ble Division Bench of the High Court declined to accede to the request so made.

As soon as soft copy of the order is received by me, the same shall be forwarded to you. I have also applied for certified copies of the judgment and order passed by the Hon'ble Division Bench of the High Court which will also be delivered to you once I receive them from the Registry of the High Court.

Under the circumstances, irrespective of whether an order is received or not, you are requested to issue an order reinstating all the three Library Assistants as soon as possible so that pending Contempt Petitions filed by all three can be adequately defended before the Hon'ble High Court. One of the Contempt Petition is coming up on 12th December, 2025 and other two Contempt Petitions are coming up on 19th December, 2025.

Future course of action will be decided by us once we receive the order passed by the Hon'ble Division Bench of the High Court." જણાવ્યું.

ઠરાવ-1 : બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. ચર્ચાને અંતે નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ચૂકાદાઓ અને ગૂજરાત વિદ્યાપીઠનાં વકીલશ્રીની નોંધ અન્વયે શ્રી કોકિલા રવિગીરી ગોસ્વામી, શ્રી રૂપાબેન ઉમેશકુમાર ભાવસાર અને શ્રી નાઝિમાબાનુ અકબરભાઈ શેખને ગ્રંથાલય મદદનીશનાં પદ ઉપર તા.12/12/2025 થી પગાર ધોરણ પે લેવલ -03 Rs.21,700-69100 (5200-20200 +2000)માં પુનઃ સેવામાં લેવા તથા તા.01/02/2018 થી તેઓ સેવામાં જોડાય ત્યાં સુધીનાં સમયગાળાનાં અને સાતમા પગારપંચનાં તફાવતનાં નાણાં યુ.જી.સી. પાસેથી ગ્રાંટ મળ્યા પછી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

કાર્ય-2 : શ્રીમતી રીનાબેન વિરેંદ્રકુમાર બ્રહ્મભટ્ટ અને વિરેંદ્રકુમાર એસ. બ્રહ્મભટ્ટે ગૂજરાત વિદ્યાપીઠ સંસ્થાનાં બનાવટી નિમણૂક પત્રો આપી છેતરપીંડી કરી રૂ. ૩૩.૦૦ લાખ રકમ લીધી જેની જાણ તથા આ બાબતે કાર્યવાહી કરવા બાબતે શ્રી કરશનભાઈ ગગદાસભાઈ દરજી, ગામ ડેડુવા, તા. થરાદ, જિલ્લો-બનાસકાંઠા શ્રી હરજીભાઈ દેવાભાઈ રાણુઆ ગામ રડકા, તા. થરાદ જિલ્લો-બનાસકાંઠા અને પારસમલ ભાનાજી દરજી ગામ રડકા, તા. થરાદ જિલ્લો- બનાસકાંઠા રહેવાસીની મળેલ રજૂઆત બાબતે Executive Councilની જાણ માટે.

**વિગત :** ઉકત કાર્યમાં જણાવેલ શ્રી કરશનભાઈ ગગદાસભાઈ દરજી, શ્રી હરજીભાઈ દેવાભાઈ રાણુઆ અને પારસમલ ભાનાજી દરજી તા.10/12/2025નાં રોજ અત્રેની કચેરીએ રૂબરૂ મળવા આવ્યા હતા. તેઓએ તા.10/12/2025નાં પત્ર સાથે બિડાણ કરેલ આધારો સાથે જણાવ્યુ છે કે અમારા બાળકોને આપની સંસ્થામાં નોકરી કરતાં રીનાબેન વિરેંદ્રકુમાર બ્રહ્મભટ્ટ અને તેમનાં પતિ વિરેંદ્રકુમાર એસ. બ્રહ્મભટ્ટે ગૂજરાત વિદ્યાપીઠ સંસ્થાનાં બનાવટી નિમણૂક પત્રો અમોને આપી અમારી સાથે છેતરપીંડી કરી છે અને આ માટે તેમણે અમારી પાસેથી રૂ. ૩૩.૦૦ લાખ રકમ લીધી

છે. આ રકમ તેમણે રોકડ, ઓનલાઈન અને ચેકથી અલગ અલગ જગ્યાએ અને સમયે આપ્યા છે.

રીનાબેન વિરેંદ્રકુમાર બ્રહ્મભટ્ટ અને તેમનાં પતિ વિરેંદ્રકુમાર એસ. બ્રહ્મભટ્ટે ગૂજરાત વિદ્યાપીઠ સંસ્થાનાં બનાવટી નિમણૂક પત્રો આપ્યા અને તા.૧૪/૦૨/૨૦૨૨ના રોજ અમારા બાળકોને હાજર થવા માટે બોલાવ્યા. અમારા બાળકો રૂબરૂમાં હાજર થવા આવ્યા ત્યારે તેમણે અમારા બાળકોની રજીસ્ટરમાં સહી વાહન (ફોરવ્હીલ સફેદ કલરની ગાડી)ની અંદર જ લીધી. ગાડી નીચે ઉતારી ત્રણેયને તેમની ઓફિસ બતાવી. ઓફિસ બતાવ્યા પછી તેમણે જણાવ્યું કે અત્યારે ઓફિસમાં મીટીંગ ચાલે છે એટલે મળી શકાશે નહીં તેમ કહી પાછા મોકલી દીધા તેમ જાણ કરી છે.

ઉપરોકત વિગતો ધ્યાનમાં લઈ શ્રીમતી રીનાબેન વિરેંદ્રકુમાર બ્રહ્મભટ્ટને દિન-03 (15/12/2025) સુધીમાં આધારો સાથે ખુલાસો કરવા અત્રેની કચેરીએ તા.11/12/2025નાં રોજ કારણદર્શક નોટીસ આપી છે. (પરિશિષ્ટ-1)

ઠરાવ-2 : શ્રીમતી રીનાબેન વિરેંદ્રકુમાર બ્રહ્મભટ્ટને આપેલ Ref. no. 849/GV/Estt./Disc.48-557 (2)/2025-26, Date:11/12/2025 કારણદર્શક નોટીસની નોંધ લેવામાં આવી.

ત્યારબાદ સૌ સભ્યોનો આભાર માની બેઠકની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી.

તા. 11-12-2025

**(ડૉ. હિમાંશુ પટેલ)**
કુલસચિવ